# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

**************************************************

1) GST પરિષદે અનેક વસ્તુઓ પર વસ્તુ અને સેવા કરના દર ઘટાડવાનો નિર્ણય કર્યો–નવા દર 22 સપ્ટેમ્બરથી લાગૂ થશે.

2) ખાદ્ય વસ્તુઓ પર GST દર પાંચ ટકા અને 33 જીવનરક્ષક દવાઓને GST દરમાંથી મુક્તિ અપાઈ.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરશે.

4) પૂરની સ્થિતિની સમીક્ષા કરવા કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે પંજાબની મુલાકાતે.

5) ઇંગ્લેન્ડમાં આજથી વર્લ્ડ બૉક્સિંગ ચેમ્પિયનશીપનો પ્રારંભ થશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SITHARAMAN GST REFORMS-1

વસ્તુ અને સેવા કર- GST પરિષદે સામાન્ય નાગરિક, શ્રમ પ્રધાન ઉદ્યોગો, ખેડૂતો અને કૃષિ, આરોગ્ય અને અર્થતંત્ર માટે GSTના દરમાં સુધારો કરી તેને તર્કસંગત બનાવવાને મંજૂરી આપી. ગઈકાલે નવી દિલ્હીમાં માધ્યમોને માહિતી આપતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, સામાન્ય નાગરિક અને મધ્યમ વર્ગના ઉપયોગની ચીજવસ્તુઓ પર GST દર 18 અને 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે.

તેમણે કહ્યું, GST પરિષદે વ્યક્તિગત જીવન વિમા પૉલિસીઓ અને ફૅમિલી ફ્લૉટર તથા વરિષ્ઠ નાગરિકો માટે પૉલિસીઓ સહિત વ્યક્તિગત આરોગ્ય વિમા પૉલિસીઓ પર GSTમાંથી છૂટને મંજૂરી આપી છે. આ તમામ ફેરફાર આ મહિનાની 22 તારીખથી લાગુ થશે.

સુશ્રી સીતારમણે કહ્યું, 33 જીવનરક્ષક દવાઓ અને ઔષધીઓ પર GST દર 12 ટકાથી ઘટાડીને શૂન્ય તથા કેન્સર અને દુર્લભ બિમારીઓ અને અન્ય ગંભીર બીમારીઓની સારવારમાં ઉપયોગમાં લેવાતી ત્રણ જીવનરક્ષક દવા પર GST પાંચ ટકા ઘટાડી શૂન્ય કરાયો છે. નાણામંત્રીએ કહ્યું, વાળના તેલ, સાબુની ટુકડીઓ, શૅમ્પુ, ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, સાયકલ, રસોડાનો સામાન અને અન્ય ઘરેલું સામાન પર હવે માત્ર પાંચ ટકા GST લાગશે. જ્યારે તમામ ભારતીય બ્રેડ પર GST દર શૂન્ય રહેશે.

**(BYTE: NIRMALA SITHARAMAN)**

ઉપરાંત નમકીન, ભૂજિયા, સોસ, પાસ્તા, ઇન્સ્ટન્ટ નૂડલ્સ, ચૉકલેટ, કૉફી, કૉર્નફ્લેક્સ, માખણ અને ઘી જેવી ખાદ્ય વસ્તુઓ પર GST 12 કે 18 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે.

નાણામંત્રીએ કહ્યું, એસી, 32 ઇંચના મોટા ટીવી, ડિશ વૉશિંગ મશીન, નાની કાર અને બાઈક જેવી વસ્તુઓ પર GST દર 28 ટકાથી ઘટાડીને 18 ટકા કરાયો છે. આ નિર્ણયથી શ્રમ સઘન ઉદ્યોગો અને ખેડૂતો તથા ખેતી ક્ષેત્રને લાભ થશે. ખેતીના ઉપકરણો પર પણ GST 12 ટકાથી ઘટાડી પાંચ ટકા કરાયો છે.

# PM SINGAPORE PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં સિંગાપોરના પ્રધાનમંત્રી લૉરેન્સ વૉન્ગ સાથે મુલાકાત કરશે. બંને નેતાઓની વાતચીતમાં બંને દેશ વચ્ચે મજબૂત અને બહુપક્ષીય સહકારની સમીક્ષા કરાશે. ભારત પ્રવાસ પર રહેલા સિંગાપોરના પ્રધાનમંત્રી આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે પણ મુલાકાત કરશે.

આ મુલાકાત બંને પ્રધાનમંત્રીને બંને દેશ વચ્ચે મજબૂત અને બહુપક્ષીય સહયોગની સમીક્ષા કરવાની તક પૂરી પાડશે, જે ભવિષ્યના સહકાર માટેનો માર્ગ નક્કી કરશે. બંને પ્રધાનમંત્રી પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતર-રાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. વિદેશમંત્રી ડૉક્ટર એસ. જયશંકર અને અન્ય મહાનુભાવો પણ મુલાકાત દરમિયાન શ્રી વૉન્ગને મળશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું, પ્રધાનમંત્રી વૉન્ગની મુલાકાત બંને દેશના રાજદ્વારી સંબંધની 60-મી વર્ષગાંઠ સાથે સુસંગત છે અને આ ભાગીદારીને વધુ મજબૂત બનાવવા બંને દેશની સતત પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે. મંત્રાલયે સિંગાપોર ભારત માટે એક મહત્વનું ભાગીદાર હોવા પર ભાર આપ્યો.

# PUNJAB SHIVRAJ SINGH CHAUHAN

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે પૂરની સ્થિતિની સમીક્ષા કરવા પંજાબની મુલાકાતે જશે. તેઓ પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત અમૃતસર, ગુરદાસપુર અને કપૂરથલા જિલ્લાના કેટલાક ગામના અસરગ્રસ્ત લોકોને પણ મળશે.

## (BYTE: SHIVRAJ SINGH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WORLD BOXING CHAMPIONSHIP

ઇંગ્લેન્ડના લિવરપૂલમાં આજથી વર્લ્ડ બૉક્સિંગ ચૅમ્પિયનશીપનો પ્રારંભ થશે. ભારતનું 20 સભ્યોનું દળ આ સ્પર્ધામાં ભાગ લેશે. બે વખતનાં વિશ્વ વિજેતા નિખત ઝરીન અને ટોક્યો ઑલિમ્પિક કાંસ્ય ચંદ્રક વિજેતા લવલિના બોરગોહેન એક વર્ષ બાદ વાપસી કરી રહ્યાં છે.

જુલાઈમાં રમાયેલા વિશ્વ કપમાં રજત ચંદ્રક જીતનારી બે વખતનાં ઍશિયન વિજેતા પૂજા રાની પણ આ સ્પર્ધામાં ભાગ લેશે. નવા ચહેરાઓની સાથે અનુભવી પુરુષ મુક્કેબાજ ટીમનું નેતૃત્વ સુમિત કુન્ડૂ કરશે. 2021 વિશ્વ યુવા વિજેતા સચિન સિવાચ અને હર્ષ ચૌધરી સાથે જદુમણિસિંહ મન્દેન્ગબામ, હિતેશ ગુલિયા અને અભિનાશ જામવાલ જેવા નવા મુક્કેબાજ આ મોટા મંચ પર ભવ્ય પ્રદર્શન કરે તેવી આશા છે.

આ સ્પર્ધામાં નૉકઆઉટ મુકાબલો રમાશે. દરેક મુકાબલામાં ત્રણ–ત્રણ મિનિટના રાઉન્ડ રમાશે અને “ટૅન પૉઈન્ટ મસ્ટ” સ્કૉરિંગ નિયમ લાગૂ રહેશે. સેમિ-ફાઈનલમાં પહોંચતાં જ કાંસ્ય ચંદ્રક નક્કી થઈ જશે.

# ASIA CUP

ઍશિયા કપ હૉકી ચેમ્પિયનશિપમાં ભારતે ગત સાંજે બિહારના રાજગીરમાં બીજા સુપર–ફૉર તબક્કામાં કૉરિયા સાથે 2–2થી ડ્રૉ મૅચ રમી. ભારતે પહેલા હાફમાં એક–શૂન્યથી સરસાઈ બનાવી હતી, પરંતુ ત્યારબાદ કેટલાક પૅનલ્ટી કૉર્નર મળવા છતાં ભારતીય ટીમ કૉરિયન ડિફેન્સ સામે ગતિ અને લય જાળવી રાખવામાં સંઘર્ષ કરી રહી હતી.

બીજી તરફ, કોરિયાએ તકનો લાભ ઉઠાવ્યો અને બે પેનલ્ટી કોર્નરને સફળતાપૂર્વક ગોલમાં બદલી બે–એકથી સરસાઈ બનાવી લીધી. ચોથા ક્વાર્ટરમાં ભારતે મંદીપ સિંહના ભવ્ય ફિલ્ડ ગોલની મદદથી સ્કોરને 2–2થી બરાબર કરી દીધો. આ ડ્રૉ સાથે બંને ટીમને એક–એક પોઈન્ટ મળ્યો. ભારત આજે રાજગીર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત વાગ્યે મલેશિયા સામે આગામી સુપર–ફોર તબક્કાનો મુકાબલો રમશે.

# PRADHAN ANGANWADI

કેન્દ્રિય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન તથા મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે શાળાઓ સાથે આંગણવાડી કેન્દ્રોનું સંકલન બનાવવા માટેની માર્ગદર્શિકાનો પ્રારંભ કરાવ્યો. શ્રી પ્રધાને કહ્યું, આ પહેલ દરેક માતા બાળકની સંપૂર્ણ સંભાળ સુનિશ્ચિત કરશે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ શિક્ષણનો પાયો મજબૂત બનાવશે. તેમણે બાળકના જીવનમાં પ્રથમ શિક્ષક તરીકે આંગણવાડી કાર્યકર્તાઓની ભૂમિકા અને ભારતીય ભાષાઓને ભણાવવામાં કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. તથા ટૅક્નોલૉજીનો ઉપયોગ કરટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો.

શ્રી પ્રધાને કહ્યું, આ માર્ગદર્શિકા આંગણવાડી કેન્દ્રોથી બાળકોની શાળાઓમાં યોગ્ય રીતે સ્થળાંતર, સારું આરોગ્ય, પોષણ અને પ્રાથમિક શિક્ષણમાં જાળવણી પર ધ્યાન કેન્દ્રીત કરે છે. તેમણે કહ્યું, ત્રણ વર્ષમાં, દેશની અંદાજે બે લાખ શાળાને બ્રોડબેન્ડ સાથે જોડાશે. તેનાથી ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન મળશે. શ્રી પ્રધાને સાર્વજનિક ભાગીદારી અને નિપુણ ભારત તથા “પોષણ ભી પઢાઈ ભી” જેવી પહેલના એકીકરણ પર પણ વાત કરી.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા</u>

- આજના મોટાભાગના અખબારોએ જીએસટીના દરોમાં થયેલા ઘટાડાના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે જીએસટીમાં હવે પાંચ અને **18%** ના માત્ર બે જ સ્લેબ **,22** મી સપ્ટેમ્બર થી અમલી
- દિવ્ય ભાસ્કરે જીએસટી **2.0** ,જીએસટી કાઉન્સીલની બેઠકમાં નિર્ણય **8** વર્ષ પછી ટેક્સનો નવો યુગ ,ખિસ્સા પરનો ભાર ઘટશે -નવરાત્રી થી ટેક્સમાં રાહતની દિવાળી આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે નવરાત્રી થી સસ્તે  દિનના શ્રી ગણેશ
- નવ ગુજરાત સમય લખે છે દિવાળીની ભેટ નવરાત્રીમાં વીમો ઓટો કૃષિ ઉત્પાદનો સસ્તાં
- ગુજરાત સમાચારે- અમેરિકાને ચીનનો તમાચો -કોઈની ધમકીથી ડરતું નથી અટકાવવું અશક્ય આ સમાચાર ને પહેલા પાને આવરી લીધા છે
- આ ઉપરાંત વિવિધ અખબારોએ  ઉત્તર ભારતમાં થયેલા ભારે વરસાદના સમાચારને તસવીરો સાથે પ્રકાશિત કર્યા છે
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે- બારીશ કહર ઉત્તર ભારત કે કઈ ઇલાકો મે બાઢ  દિલ્હી એરપોર્ટ પર **340** ઉડાનો મે દેરી